# અભિનયગીત અને વાર્તા એ તો પ્રાથમિક શિક્ષકનાં ઘરેણાં છે

વ્યકિતના સર્વાંગી વિકાસ માટે પ્રાથમિકશાળાનું શિક્ષણ પાયો ગણાય છે. આ પાયા પર જ વ્યકિતના વિકાસની ઇમારત ચણાય છે. જો આ પાયામાં સહેજ પણ તિરાડ કે કચાસ હશે તો ઇમારત ચણાશે જ નહીં અથવા ચણવાનો પ્રયત્ન કરવામાં આવશે તો ખૂબ જ નાનાગાળામાં તેના ખરાબ પરિણામ આપણી સામે આવશે. આ પાયો ચણવાનું કામ પ્રાથમિક શાળાના શિક્ષકનું છે. પ્રાથમિક શાળાનો શિક્ષક કડિયાનું કામ કરે છે, જેને વાલીના સહયોગની પણ જરૂર પડે છે. જો શિક્ષક અને વાલી સુમેળ સાધીને ચોક્કસ હેતુ સાથે કામ કરે તો નીપજ ઉચ્ચકક્ષાની મળે જ. આવું કેટલાંક અંશે શહેર કક્ષાએ જોવા મળે છે, ગ્રામ્યકક્ષાએ તેની અછત વર્તાય છે. પ્રાથમિક શાળાના શિક્ષકે વિવિધ વાતાવરણ વચ્ચે રહીને વિવિધ જવાબદારી ઉઠાવવાની છે. આત્મવિશ્વાસથી ભરપૂર શિક્ષક જ આ જવાબદારીઓ સારી રીતે અદા કરીને સમાજના નવનિર્માણમાં ફાળો આપી શકે છે. વિવિધ જવાબદારી ઉઠાવવા માટે શિક્ષકે વિવિધ પ્રકારના Role ભજવવા પડે છે. માટે જ કહી શકાય કે, પ્રાથમિક શાળાનો શિક્ષક સારો અભિનેતા હોવો જોઇએ.

પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં બાળકોની દુનિયા જુદા જ પ્રકારની છે. દરેક મોટી વ્યક્તિ એ દુનિયામાં શ્વાસ લઇ ચૂકી હોય છે, એ દુનિયાનો પૂરો અનુભવ કરી ચૂકી હોય છે, આમ છતાં પણ વ્યક્તિની ઉંમર વધવાની સાથે તે દુનિયા ભૂલાઇ જતી હોય તેમ લાગે છે. માટે તો નાના બાળકોને સંભળાવવામાં આવે છે કે,"આમ બેસો, તેમ કરો, આ ના કરાય, સરખાં બેસો, સૂઇ જાવ, બોલવાનું બંધ કર " વગેરે. ઉમંરમાં મોટી થતી વ્યકિત પોતાનું બાળપણ ભૂલી જતી હોય છે. પોતે જે નથી કરી શકતો તે બિચારા બાળકને પણ કરવા દેતો નથી. આવી વ્યકિત બાળકોનું માનસ સમજવા જ તૈયાર નથી. આ વાત ઘર અને શાળા એટલે કે મા-બાપ અને શિક્ષક બંનેને લાગું પડે છે. બાળક સાથે કામ લેતી વખતે કે તેની સાથે વર્તનવ્યવહાર કરતી વખતે તેના માનસને સમજવું ખૂબ જ અગત્યનું થઇ પડે છે. બાલ્યાઅવસ્થા, કિશોરાઅવસ્થા કે યુવાવસ્થા મુજબ વ્યકિતની પસંદગી કે નાપસંદગી હોય છે. જે તે અવસ્થાને ધ્યાને લઇને તે મુજબનાં વર્તનવ્યવહાર કરીશું તો જ બાળકો સ્વીકાર કરશે, તો જ બાળકોમાં સરળતાથી પરિવર્તન લાવી શકીશું.

પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતો બાળક કેટલીક બાબતોમાં કલ્પના વિહાર કરતો હોય છે, તેને નવરું બેસી રહેવું ગમતું નથી. તે કશુંક ને કશુંક કરવા માંગતો હોય છે. આમ પ્રાથમિકકક્ષાએ અભ્યાસ કરતા બાળકની બે મુખ્ય વિશેષતાઓ જાણવી જ રહી- પ્રવૃત્તિ અને કલ્પના. આ કક્ષાએ જો તેને પ્રવૃત્તિ નહીં સોંપો તો તે પોતાની રીતે શોધી લેતો હોય છે, જો તેને કલ્પના વિહાર કરતાં રોકશો તો તેનો માનસિક વિકાસ થંભી જશે. આવી જરૂરિયાત પૂરી કરવાની જવાબદારી મા-બાપ અને શિક્ષક બંનેની છે. છતાં શાળાકીય શિક્ષણનો વ્યવહાર કરતાં અને બાળકના જીવનનો કડિયો ગણાતા શિક્ષક માટે વિશેષ રહે છે. શિક્ષકે શાળામાં કે શાળા બહાર બાળક સાથે એવી રીતે વર્તનવ્યવહાર કરવા પડશે કે જેમાં બાળકની પસંદગી સચવાઇ રહે, બાળકની દુનિયા બનાયેલી રહે. શિક્ષકે બાળકોને તેમની દુનિયામાં મુક્ત રીતે વિહરવા દેવાનો છે. શિક્ષકે બાળકોની દુનિયા સજાવવાની છે, ઉજાળવાની નથી.

પ્રવૃત્તિ માંગતાં- કશુંક કરવા ઇચ્છતા બાળકને પકડી રાખશો તો તે મૂરઝાઇ જશે. કલ્પના વિહાર કરવા માંગતા બાળકને બાંધી દેશો તો વિચારતો જ બંધ થઇ જશે. નાના બાળકોને વાર્તાઓ સાંભળવી, કહેવી ગમે છે. વાર્તા દ્વારા તે પોતાની નવી દુનિયા સજાવીને તેમાં કલ્પનાના ઘોડા પર બેસીને વિહાર કરવાનું પસંદ કરે છે. ચકા-ચકીની વાર્તા કે રાજા-રાણીની વાર્તા કે પરીની વાર્તા કે ડોસીની વાર્તા નાના બાળક માટે શ્રેષ્ઠત્તમ બાબત છે. પૂર્વપ્રાથમિક શાળામાં અક્ષરજ્ઞાનની સાથે વાર્તાને પણ એટલું જ મહત્ત્વ અપાવું જોઇએ. માટે જ શિક્ષક સારો વાર્તાકાર હોવો જોઇએ. તેને વાર્તા કહેવાનો અને સાંભળવાનો આનંદ થવો જોઇએ. વાર્તા દ્વારા એક કાંકરે બે પક્ષીની પરિસ્થિતિ સર્જાશે. એક તો બાળકને કલ્પના વિહારની તક મળશે અને બીજું વાર્તા દ્વારા બાળકોમાં કેટલાંક મૂલ્યોનું સિંચન પણ કરી શકાશે. વાર્તા સાંળતા બાળકને ધ્યાનથી જોશો તો તે દશ્યનું મૂલ્ય મંદીરમાં ભગવાનની સામે તલ્લીન થઇને પોતાની આગવી દુનિયામાં બેહેલા ભક્ત કરતાં સહેજ પણ ઓછું નથી. આ જ બાળક જ્યારે પોતાની કાલીઘેલી વાણીમાં વાર્તા કહેતો હોય ત્યારે તેનું મૂલ્ય એક કથાકારના મૂલ્ય જેટલું જ છે. મોરારીબાપુની કથા સાંળવામાં શિક્ષકને જેટલો આંનંદ મળે તેટલો જ આનંદ તેને બાળકની વાર્તા સાંભળવામાં મળવો જોઇએ. કથાકારને કથા કહેવામાં જેટલો આનંદ આવે તેટલો આનંદ શિક્ષકને બાળકો સામે વાર્તા કહેવાં આવવો જોઇએ. માટે જ શિક્ષક એક સારો વાર્તાકાર હોવો જોઇએ.

બાળકની કાલીઘેલી ભાષા તેની છટા છે. બાળકની કોઇપણ રજૂઆત છટાપૂર્ણ હોય છે. નાનું બાળક ક્યારેય કપટી હોતું નથી, બાળકના કપટમાં પણ નિર્દોષતા હોય છે અને જૂઠ્ઠાપણમાં નિખાલસતા હોય છે. દરેક બાળક પોતાની રજૂઆત હાવભાવ અને આરોહઅવરોહ સાથે કરે છે. તેને અભિનય જોવો અને કરવો ગમે છે. તેની ખાવા-પીવાંની, રમવાની, રડવાની, દોડવાની એક આગવી છટાં હોય છે. આ છટાં એ જ તેની દુનિયા છે, તેનો ધબકાર છે. તેને ગીત માત્ર સાંભળવાનું હશે તો નહીં ગમે, પણ તે ગીતમાં અભિનય હશે તો ચોક્કસ ગમશે. માટે જ પ્રાથમિકશાળાઓમાં અભિનયગીતોએ આકર્ષણ જમાવ્યું છે. દરેક બાળક સારો અભિનેતા હોય છે. શાળામાં શીખવાડેલું અભિનય ગીત ઘેર આવીને પોતાના મમ્મી-પપ્પા સામે વારંવાર રજૂ કરતું બાળક તેની પસંદગી વ્યક્ત કરે છે. મહેમાનોની સામે અભિનયગીત રજૂ કરવાનું જણાવતાં વાલી પોતાના બાળકને પ્રોત્સાહન આપીને તેની પસંદગીમાં સૂર પૂરાવે છે. પ્રાથમિકશાળામાં અપાતાં ઔપચારિક શિક્ષણમાં જેટલું અક્ષરજ્ઞાનનું મહત્ત્વ છે, તેનાં કરતાં અન્ય કૌશલ્યો વિકસાવવાનું મહત્ત્વ વધુ અંકાવું જોઇએ. માટે જ પ્રાથમિક શાળાના શિક્ષકે બાળકોની સામે રજૂ થતી વખતે અભિનયગીત અને વાર્તા રૂપી કોશ્ચુમ પહેરીને જ રજૂ થવું જોઇએ. બાળકો સામે કોઇપણ વાત સીધી રીતે રજૂ કરવા કરતાં તે જ વાતને અભિનય સાથે કે વાર્તા રૂપે રજૂ કરશો તો તે વધુ સ્વીકાર્ય અને પરિણામદાયી બનશે. અભિનયગીત અને વાર્તા એ પ્રાથમિક શાળાના શિક્ષકના ઘરેણાં છે.